# ‘ સંપર્ક ’

## સારસ્વતમ્ સંસ્થાનું મુખપત્ર

सारस्वतम

प्रज्वलतु ज्ञानदीपः

### ઓકટોબર ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૫

:: તંત્રી અને સંપાદકશ્રી ::


**શ્રી રસેશ વી.રાવલ**

આચાર્યશ્રી,

સારસ્વતમ્ સંચાલિત બાડા હાઈસ્કૂલ

બાડા, તા. માંડવી-કચ્છ.

મોબાઈલ નંબર : ૮૪૬૯૪ ૩૭૯૪૯

**સહ સંપાદક – શ્રીમતી ખ્યાતિબેન એસ.સાધુ**

મોબાઈલ નંબર : ૯૦૯૯૫ ૫૭૪૧૭


:: સંસ્થાનું સરનામું ::


**સારસ્વતમ્**

પો.બો.નં.૦૭, જૂની પોસ્ટ ઓફિસ રોડ,

માંડવી-કચ્છ. ૩૭૦ ૪૬૫. ફોન નં. ૨૨૩૦૧૭

E-mail : saraswatam@gmail.com

## તંત્રી લેખ

સુજ્ઞ વાચક મિત્રો,

આપ સૌ કુશળ હશો .

સૌને નમસ્કાર, ઓકટોબર થી ડિસેમ્બર નો અંક આપની સમક્ષ મુકતા ધન્યતાની લાગણી અનુભવું છું. આ સંસારમાં જ્ઞાન જેવું પવિત્ર કરનારું નિઃસંદેહ બીજું કશું જ નથી. કુમળા છોડ જેવા બાળકોની સુષુપ્ત શકિતઓને ઓળખીને ખીલવવાનું કાર્ય શિક્ષકનુ છે .

આ અંક શાળા પ્રવાસ અહેવાલ, ગણિત – વિજ્ઞાન પ્રદર્શન, પુસ્તકમેળો, ટેલી પ્રશિક્ષણ કેન્દ્ર અને એજયુ.ફેરનું આયોજન, પ્રકૃતિ શિક્ષણ શિબિર, તાલુકા કક્ષાની ઈન્ટર સ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટમા ચેમ્પિયનશીપ, ભૂતપૂર્વ છાત્રોનું સ્નેહમિલન, કલાઉત્સવ વગેરે રચનાત્મક પ્રવૃતિઓથી સભર છે .

શિક્ષણ અને કેળવણી માટે કહેવાયું છે, 'વિશ્વને જો બદલવાનું કોઈ શકિતશાળી શસ્ત્ર હોય તો તે છે શિક્ષણ' ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાઓ નજીક આવી રહી છે ત્યારે આપણે સૌ પ્રસિદ્ધિ નાં સોપાનો સર કરી સફળતા મેળવીએ એવી શુભેચ્છાઓ.

રસેશ રાવલ
તંત્રીશ્રી

## આ અંકમાં

**✳ સંસ્થા સમાચાર :-**


૧. સંસ્થાને મળેલ ડોનેશનની વિગત.
૨. સંસ્થા સંચાલિત નેત્રા હાઈસ્કૂલનો શાળા પ્રવાસ.
૩. સારસ્વતમ્ સંચાલિત મોથાળા હાઈસ્કૂલ ખાતે ગણિત/વિજ્ઞાન પ્રદર્શન યોજાયું.
૪. સારસ્વતમ્ સંચાલિત મોથાળા હાઈસ્કૂલ ખાતે પુસ્તક મેળો યોજાયો.
૫. સારસ્વતમ્ સંચાલિત રામાણીયા હાઈસ્કૂલ ખાતે ટેલી પ્રશિક્ષણ કેન્દ્ર અને એજયુકેશન ફેરનું આયોજન.
૬. સારસ્વતમ્ સંચાલિત નિરોણા હાઈસ્કૂલ ખાતે કવિતાની ચળવળની સર્જનાત્મક પ્રવૃતિ યોજાઈ.
૭. સારસ્વતમ્ સંચાલિત નિરોણા હાઈસ્કૂલે પ્રકૃતિ શિબિરની મોજ માણી.
૮. સારસ્વતમ્ સંચાલિત દયાપર હાઈસ્કૂલ તાલુકા કક્ષાની ઈન્ટર સ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન.
૯. સારસ્વતમ્ સંચાલિત દયાપર હાઈસ્કૂલમાં વિજ્ઞાન પ્રદર્શન યોજાયું.
૧૦. સારસ્વતમ્ સંચાલિત દયાપર હાઈસ્કૂલમાં કલા ઉત્સવનું આયોજન કરાયું.
૧૧. સ્વ. શ્રી લલિત દોશી મેમોરીયલ ફાઉન્ડેશન - મુંબઈના પ્રતિનિધિ દયાપર શાળાની મુલાકાતે.
૧૨. PGVCL ના CSR ફંડમાંથી શાળાઓમાં ઉભી કરાયેલી ભૌતિક સુવિધાઓની વિગત.
૧૩. વી.આર.ટી.આઈ. સંસ્થાની પુસ્તક સહાય યોજનાનો લાભ લેતી ત્રણ(૦૩) શાળાઓ.
૧૪. સારસ્વતમ્ સંચાલિત મસ્કા હાઈસ્કૂલનો શૈક્ષણિક પ્રવાસ.
૧૫. આંખનું ઝરણું લઘુકથા - રસેશ રાવલ.
૧૬. રમત-ગમત ક્ષેત્રમાં સારસ્વતમ્ સંચાલિત મસ્કા હાઈસ્કૂલનું ગૌરવ.
૧૭. સારસ્વતમ્ સંચાલિત બાડા હાઈસ્કૂલમાં ઉભી કરાયેલી ભૌતિક સુવિધા.
૧૮. સારસ્વતમ્ સંચાલિત બાડા હાઈસ્કૂલનો શૈક્ષણિક પ્રવાસ.
૧૯. સારસ્વતમ્ સંચાલિત દરશડી હાઈસ્કૂલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો.
૨૦. પ્રતિભાવ - ૨.
૨૧. નમ્ર અપીલ.

## સંસ્થાને મળેલ ડોનેશનની વિગત
## ૦૧-૧૦-૨૦૨૫ થી ૩૧-૧૨-૨૦૨૫

| ક્રમ | દાતાશ્રીનું નામ | રકમ (રૂ.) | ડોનેશનની વિગત |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી પ્રણતિબેન જી. મશરૂવાળા – મુબંઈ | ૨૫,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણીક પ્રવૃતિઓ માટે |
| ૨ | શ્રી ગૌરવભાઈ ડી. મશરૂવાળા – મુબંઈ | ૭૫,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણીક પ્રવૃતિઓ માટે |
| ૩ | શ્રી મણીલાલ કલ્યાણજી ગડા – વલસાડ | ૧૫,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણીક પ્રવૃતિઓ માટે (બાડા સ્કૂલ માટે) |
| ૪ | શ્રી મણીલાલ કલ્યાણજી ગડા – વલસાડ | ૧,૨૦,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણીક પ્રવૃતિઓ માટે (બાડા સ્કૂલ માટે) |
| ૫ | શ્રી પ્રફુલભાઈ એમ. જોશી – મુબંઈ | ૨,૫૦૦/- | વિદ્યાર્થી દત્તક યોજના |
| ૬ | શ્રી હિતેશ વિસનજી રાજગોર – વડોદરા | ૨,૫૦૦/- | વિદ્યાર્થી દત્તક યોજના |
| ૭ | શ્રી નિર્લોન ફાઉન્ડેશન ટ્રસ્ટ – મુબંઈ | ૧૫,૦૦૦/- | (રામાણીયા સ્કૂલ માટે) |
| ૮ | શ્રી રંગવાલા ચારૂશીલા હરીશભાઈ – અમદાવાદ | ૫,૦૦,૦૦૦/- | સંસ્થાની શૈક્ષણીક પ્રવૃતિઓ માટે |
| ૯ | શ્રી વાડીલાલભાઈ બી. દોશી – માંડવી | ૨૫૦/- | વિદ્યાર્થી દત્તક યોજના |
| ૧૦ | શ્રી લલિત દોશી મેમોરિયલ ફાઉન્ડેશન – મુબંઈ | ૧૦,૦૦,૦૦૦/- | સ્વ. શ્રી લલિત દોશી મેમોરિયલ એવોર્ડ ફોર ટોપર સ્ટુડન્ટ SSC & HSC |
| ૧૧ | શ્રી લલિત દોશી મેમોરિયલ ફાઉન્ડેશન – મુબંઈ | ૨,૦૦,૦૦૦/- | સારસ્વતમ્ સ્કૂલ – જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓ માટે |
| ૧૨ | શ્રી નર્મદાબેન જી. ઠક્કર – ભુજ | ૧૦,૦૦૦/- | વિદ્યાર્થી દત્તક યોજના |
| | કુલ : | ૧૯,૬૫,૨૫૦/- | |

## શ્રી સારસ્વતમ્ સંચાલિત નેત્રા હાઈસ્કૂલ
## શાળા પ્રવાસ

શ્રી સારસ્વતમ્ સંચાલિત નેત્રા હાઈસ્કૂલ દ્વારા તા. ૧૪-૧૨-૨૦૨૫ નાં રોજ શાળા પ્રવાસનું આયોજન આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ શાળા સ્ટાફે નાસ્તો – ભોજન – પાણી – પ્રાથમિક સારવારની કીટ સહિત બધીજ તકેદારી રાખીને સુંદર આયોજન કર્યુ હતું. શાળા પ્રવાસમાં ૯૪ જેટલાં વિદ્યાર્થીઓ અને ૧૦ શાળા સ્ટાફનાં શિક્ષકોનું પ્રવાસ પ્રસ્થાન સવારે ૭.૦૦ કલાકે ગોઠવવામાં આવ્યું હતું.

બસમાં મુસાફરી દરમ્યાન રસ્તામાં કચ્છનાં દર્શનનો આનંદ માણતા-માણતા વિદ્યાર્થીઓને શિક્ષકોએ સંસ્કૃતિ અને ઐતિહાસિક જગ્યાઓનું મહત્વ માર્ગદર્શન પણ આપતા રહયા તથા દરેક સ્થળો વિશે સંપૂર્ણ માહિતી પણ આપી હતી. જુદાં – જુદાં ઐતિહાસિક મંદિરોના દર્શન પણ કર્યા. માંડવીમાં શ્યામજી કૃષ્ણવર્મા વિશે માહિતી મેળવી ત્યાં પહોંચી તેમનું મ્યુઝિયમ અને શ્યામજી કૃષ્ણવર્માના અસ્થિ દર્શન પણ કર્યા તેમજ તેનું મહત્વ પણ જણાવ્યું, ત્યારબાદ કિનારે રમતોનું આયોજન કર્યુ ને વિદ્યાર્થીઓએ ખૂબ જ મઝા માણી ત્યારે જ સૂર્યાસ્તનો એક અદભૂત નજારો નિહાળ્યો, સૂર્યના કિરણોનાં પ્રતિબિંબ અદભૂત દેખાતું હતું. શિક્ષકોએ તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિદ્યાર્થીઓએ પ્રવાસમાં પ્રકૃતિ દર્શન – સંસ્કૃતિ અને ઐતિહાસિક વિશેનું મહત્વ સમજી રાજીપો કર્યો હતો. પ્રવાસ દરમ્યાન શાળા સ્ટાફ અને વિદ્યાર્થીઓના ટીમવર્કથી એક સફળ પ્રવાસ પૂર્ણ કર્યો હતો.



## શ્રી સારસ્વતમ્ સંચાલિત મોથાળા હાઈસ્કૂલ ખાતે ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

જી.સી.ઈ.આર.ટી ગાંધીનગરની પ્રેરણાથી, મહારાણી ગંગાબા સાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ (કચ્છ) અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભુજના સંયુકત ઉપક્રમે શ્રી સારસ્વતમ્ સંચાલિત મોથાળા હાઈસ્કૂલ ખાતે જામ અબડા એસ.વી.એસ. નું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૫-૨૬ તારીખ ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસાવવાના ઉદ્દેશ્યથી ભવ્ય આયોજન કરવામાં આવ્યું.

અનિવાર્ય સંજોગોને લઈને ઉપસ્થિત ન રહી શકેલા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા એ કાર્યક્રમની સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી.

જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે દુર્ગમ વિસ્તારોથી ભાગ લેનાર શાળાઓની પ્રશંસા કરી હતી અને બાળકોની નાવીન્યપૂર્ણ વિચારસરણીને આગળ ધપાવવા ઉપસ્થિત શિક્ષકોને અપીલ કરી હતી.

જામ અબડા શાળા વિકાસ સંકુલની શાળાઓ દ્વારા ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા ૩૯ વૈજ્ઞાનિક કૃતિઓનું પ્રદર્શન ઉદ્‌ઘાટન બાદ ખલ્લું રાખવામાં આવ્યું જેને આજુબાજુની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના ૮૦૦ થી વધુ વિદ્યાર્થીઓ નિહાળ્યું હતું.

ચેરમેન કચ્છ જિલ્લા સામાજિક ન્યાય સમિતિ પરસોત્તમભાઈ મારવાડાએ બાળ વૈજ્ઞાનિકોને વૈકલ્પિક ઉર્જા દ્વારા દેશની સેવામાં પોતાનું યોગદાન આપી મોખરાના વૈજ્ઞાનિકોમાં પોતાનું નામ અંકિત કરવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત પરસોત્તમભાઈ મારવાડા (ચેરમેન કચ્છ જિલ્લા સામાજિક ન્યાય સમિતિ), મહાવીરસિંહ જાડેજા (તાલુકા પંચાયત પ્રમુખ અબડાસા), શિવજીભાઈ મહેશ્વરી (અબડાસા તાલુકા સામાજિક ન્યાય સમિતિ ચેરમેન), વિનેકભાઈ ડાભી (મોથાળા સરપંચ), મહેશોજી સોઢા (માજી કારોબારી ચેરમેન અબડાસા), ચેતનભાઈ બારમેડા (કચ્છ જિલ્લા આચાર્ય સંઘ અધ્યક્ષ), જગદીશભાઈ ઠક્કર (મંત્રી મોથાળા સેવા સમિતિ), ખુશાલભાઈ નાગડા(ટ્રસ્ટી જૈન મહાજન મોથાળા),તાલુકા ભાજપ મહામંત્રીઓ ગોપાલભાઈ ગઢવી અને વિનયભાઈ રાવલ, નરેન્દ્રસિંહ જાડેજા(યુવા મોરચા મહામંત્રી), પરેશસિંહ જાડેજા(અબડાસા સરપંચ સગંઠન પ્રમુખ), જુસબભાઈ રાયમા (નરેડી સરપંચ), ગજેન્દ્રભાઈ કોટવાલ (મેડિકલ ઓફિસર મોથાળા), લખધીરસિંહ જાડેજા (બી.આર.સી. અબડાસા), શ્રીમતી વીંજુબેન ખાંભલા (જિલ્લા મહિલા મોરચા ભાજપ), મહેન્દ્રસિંહ જાડેજા (આરીખાણા સરપંચ), મુંબઈના અગ્રણી નાનજીભાઈ ગોરી, ભીમજીભાઈ ગોરી, હરેશભાઈ જીવરાજ ગડા, દાતાઓ વાડીલાલ પટેલ, ગોવિંદભાઈ ભાનુશાલી, શિવજીભાઈ મહેશ્વરી, દિલીપસિંહ જાડેજા, ઉમેદભાઈ જોષી, હેતલબેન જોષી, ભરુભા સોઢા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



નિર્ણાયક તરીકે ડો.મિહિરભાઈ વોરા, વિક્રમસિંહ ઠાકોર, મનીષભાઈ રાયચુરા, હર્ષભાઈ આસનાનીએ સેવા આપી હતી. અબડાસા વર્ગ ૨ આચાર્ય એન.એ. મન્સુરી, મ.શિ.નિ. અમિતભાઈ ધોળકિયા એસ.વી.એસ. કન્વીનર તેમજ શાળાના આચાર્ય સંજયશરણ શ્રીવાસ્તવ ક્યુ.ડી.સી. કન્વીનર વિક્રમસિંહ, બ્રિજેશભાઈ ડાભી, પરસોત્તમભાઈ રાઠોડ, સુરેશભાઈ હરસીયાણી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમનું સંચાલન ધ્રુવ જોષીએ કર્યું હતું સમાપન કાર્યક્રમમાં સારસ્વતમ્ સંસ્થાના કાર્યાલય મંત્રી મુલેશભાઈ દોશી એ હાજર રહી બાળકોને પ્રોત્સાહન પૂરું પાડયું હતું.

ટકાઉ ખેતી, ગ્રીન એનર્જી, કચરાનું વ્યવસ્થાપન, જળ સંરક્ષણ, નવીન ટેકનોલોજી,આરોગ્ય અને સ્વચ્છતા, ગાણિતિક મોડલ થીમમાં તજજ્ઞ નિર્ણાયકો દ્વારા પસંદ કરેલ પ્રથમ વિજેતા જિલ્લા કક્ષાએ ભાગ લેશે ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓ તેમજ શાળાઓને મોમેન્ટો દ્વારા સન્માનવામાં આવ્યા હતા.

આ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં દાતા તરીકે શાળાના એક ભૂતપૂર્વ વિદ્યાર્થીએ નામ જાહેર ન કરવાની શરતે ભોજન તેમજ અન્ય ખર્ચના દાતા રહ્યા હતા.

સાથે માતુશ્રી ઝવેરબેન જીવરાજ ગડા હસ્તે હરેશભાઈ જીવરાજ ગડા તેમજ ગોવિંદભાઈ ભાનુશાલી એ.પી. એમ.સી મોથાળા, વાડીલાલભાઈ પોકાર કનકપર, શિવજીભાઈ મહેશ્વરી માજી સરપંચ મોથાળા, સહિત દાતાઓ સહયોગી રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોમાભાઈ ચેનવા, હેમાક્ષીબેન, અશોકભાઈ, મેરાઉદીન મિયાંજી, દિપાલીબેન, રિદ્ધિબેન, નિખિલભાઈ એ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ દરમ્યાન એસ.વી.એસ કન્વીનર સંજયશરણ શ્રીવાસ્તવ, વિજ્ઞાન શિક્ષક મનીષભાઈ રાયચુરા તથા નિવૃત્ત થનાર સેવક મેરાઉદીન મિયાંજીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.





# સારસ્વતમ્ સંચાલિત મોથાળા હાઈસ્કુલમાં પુસ્તક મેળો યોજાયો



## રૂ. ૨.૪૦ લાખના પુસ્તકો વેચાયા

અબડાસા તાલુકાના મોથાળા ગામે તા. ૧૮ અને ૧૯ નવેમ્બરે સારસ્વતમ્ સંચાલિત શ્રી ભાનુશાલી લાલજી અરજણ અને શીવજી દેવજી હાઈસ્કુલ,મોથાળા તથા માંડવીની શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટીટયૂટ ધ્વારા બે દિવસીય ભાતીગળ પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પુસ્તક મેળાનો શુભારંભ દીપ પ્રાગટયથી થયા બાદ હાઈસ્કૂલની વિધાર્થિનીઓ ધ્વારા પ્રાર્થના અને સ્વાગત નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સારસ્વતમ્ના માનદમંત્રી વિ.વિજયકુમારની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમના પ્રારંભે હાઈસ્કૂલના આચાર્ય સંજયશરણ શ્રીવાસ્તવએ શાબ્દિક આવકાર આપ્યો હતો. આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે મોથાળા જુથ ગ્રામપંચાયતના સરપંચ વિનેક ડાભી અને માજી સરપંચ જગદીશભાઈ ઠક્કર, જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પરસોતમભાઈ મારવાડા, અબડાસાના માજી કારોબારી ચેરમેન મહેશોજી સોઢા, મોથાળા જૈન સમાજના અગ્રણી રમેશભાઈ નાગડા, અબડાસાના એ.ઈ.આઈ. – જિલ્લા શિક્ષણાધિકારી કચેરી–ભુજના અમિતભાઈ ધોળકીયા, લાલન કોલેજ–ભુજના પ્રોફેસર ડો. મિહિર વોરા, અદાણી ફાઉન્ડેશનના સી.એસ.આર. હેડ માવજીભાઈ બારૈયા અને અદાણી ફાઉન્ડેશન સી.એસ.આર.ના પ્રકાશભાઈ, સારસ્વતમ્ના વહિવટી અધિકારી મુલેશભાઈ દોશી, દાતા પરિવાર વતી વિજયભાઈ ઠક્કર ઉપસ્થિ રહ્યા હતા. આ પ્રસંગે કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમાર, રાષ્ટ્રીય શ્રેષ્ઠ આચાર્ય એવોર્ડ વિજેતા પૂર્વ આચાર્ય પ્રભાતસિંહ જાડેજા, કચ્છમિત્રના પત્રકાર ગિરીશભાઈ જોષી, અબડાસા તાલુકા સામાજિક ન્યાસ સમિતિના ચેરમેન શિવજીભાઈ મહેશ્વરી, ઈ.આઈ. નાસીર મન્શુરીએ શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન ધ્રુવભાઈ જોષીએ જયારે આભાર વિધી મનિષભાઈ રાયચુરાએ કરી હતી. આ પુસ્તક મેળાના માધ્યમથી આઠ શાળાઓને પુસ્તકોની સહાય આપનાર મુંબઈ સ્થિત શિક્ષણપ્રેમી દાતા પ્રવીણ વીરાએ આ પુસ્તક મેળાઓ ગ્રામ્ય વિસ્તારોને આશિર્વાદ રૂપ હોવાનું જણાવીને આયોજનને બિરદવ્યા હતું. દાતાશ્રીઓ અદાણી ફાઉન્ડેશન–સાંઘીપુરમ, સોહમ પ્રશાંત ઠક્કર–અમેરિકા(મોથાળા), ભાવેશ મુરજી ભાનુશાલી(મુંબઈ), નવિનભાઈ ભાનુશાલી(મોથાળા) વિગેરેનો સહયોગ મળ્યો હતો.

આ પુસ્તક મેળામાં શાળા–કોલેજો–સંસ્થાઓના ગ્રંથાલયો માટે પુસ્તક ખરીદીની વિશેષ યોજના અંતર્ગત રૂ.૫,૦૦૦/–ની કિંમતના પુસ્તકોની ખરીદી કરનાર ગ્રંથાલયને રૂ. ૨,૦૦૦/–ની કિંમતના પુસ્તકો વિવેકગ્રામ પ્રકાશનના ભેટ આપવામાં આવ્યા હતા, જેનો લાભ ૨૦ જેટલા ગ્રંથાલયોએ લીધો હતો. કુલ્લ વેચાણ રૂ.૨.૪૦ લાખ જેટલું થયું હતું. મોથાળા ગામની આસપાસની પ્રા.શાળાઓ અને હાઈસ્કૂલોના ત્રણ હજાર ઉપરાંત વિધાર્થીઓએ પુસ્તક મેળો નિહાળ્યો હતો. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા સોમાભાઈ, અશોકભાઈ, હેદુજી, દિલીપ પાંડવ, હેમાક્ષીબેન અજાણિયા, કુ. કાજલબેન, કુ. દિપાલીબેન, સુરેશભાઈ તથા મેરાઉદીન મીયાંજીએ વ્યવસ્થા સંભાળી હતી.

# રામાણિયા હાઈસ્કૂલ મધ્યે ટેલી પ્રશિક્ષણ કેન્દ્ર અને એજ્યુ. ફેરનું આયોજન કરાયું



સારસ્વતમ્ સંચાલિત કે. જી. સાવલા હાઇસ્કૂલ રામાણિયા મધ્યે નવીનભાઈ અમૃતલાલ જોબનપુત્રા કોમ્પ્યુટર ટેલી પ્રશિક્ષણ કેન્દ્ર ઉદ્‌ઘાટન તથા એજ્યુકેશન ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. દાતા પરિવાર નવીનભાઈ અમૃતલાલ જોબનપુત્રા પરિવારમાંથી લતાબેન, રોહનભાઈ, આનંદભાઈ અને રાધિકાબેન પધાર્યા હતા અને સંસ્થાના પ્રમુખ ડો. વિજયાલક્ષ્મીબેન શેઠ, સંસ્થાના માનદ્‌મંત્રી ડો. વી. વિજયકુમાર, સંસ્થાના ટ્રસ્ટી શિવજીભાઈ આહીર, મહેન્દ્રભાઈ ભાનુશાલી તથા કોટડા રોહા સ્કૂલના આચાર્ય રણજિતસિંહ ઝાલા, નલિયા કન્યા વિદ્યાલયના આચાર્યા હેમલબેન ત્રિવેદી, સારસ્વતમ્ સંસ્થાના મુલેશભાઈ દોશી તથા અંગદાન ચેરિ. ટ્રસ્ટના સ્થાપક દિલીપભાઈ દેશમુખ હાજર રહ્યા હતા. રામાણિયા ગામના સરપંચ બળવંતસિંહ ગોહિલ, બેરાજા ગામના સરપંચ લાલુભા જાડેજા તથા પ્રાગપર અહિંસાધામના મેનેજર રાહુલભાઈ સાવલા, અદાણી ફાઉ.ના એજ્યુ. કો-ઓ. જાગૃતિબેન જોશીની પ્રેરક હાજરી રહી હતી. રામાણિયા ગામમાંથી સુરેન્દ્રસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, વજુભા જાડેજા, નેણબાઇ દનિચા અને ખેતબાઈ દનિચા અને સાથે રામાણિયા પ્રા. શાળાનાં બાળકો તથા આચાર્ય ભૂમિબેન, બેરાજા પ્રા. શાળાના આચાર્ય જયેશભાઈ સોલંકી, નાની તુંબડી શાળાના આચાર્ય જિતેન્દ્ર પટેલ, મોટી તુંબડી શાળાના આચાર્ય રોહિત બાલાસ તથા બેરાજા, નાની તુંબડી અને મોટી તુંબડીના ધોરણ આઠના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધોરણ ૧૧ કોમર્સના વિદ્યાર્થીઓને ટેલીનું પ્રશિક્ષણ મળી રહે તે માટે શાળાની કમ્પ્યુટર લેબમાં ટેલી સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવામાં આવેલું છે. ટેલી ઇન્સ્ટ્રક્ટર રાખી બાળકોને તેનું પ્રશિક્ષણ આપવામાં આવશે તથા વિદ્યાર્થીઓએ બનાવેલા વિવિધ વિષયના શૈક્ષણિક મોડેલ આધારિત એજ્યુ. ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ વિષયના ૪૨ જેટલા મોડેલ વિદ્યાર્થીઓએ રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય જયશ્રીબેન ત્રિવેદીનાં માર્ગદર્શન હેઠળ અને સમગ્ર સ્ટાફના સહયોગ વડે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ભક્તિબેન સાવલા તથા વિજયાબેન મહેશ્વરીએ કર્યું હતું.

ધો. ૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ ૧૩૦થી વધુ કવિતાઓ લખી


# નિરોણા ગામની શાળામાં કવિતાની ચળવળની સર્જનાત્મક પ્રવૃત્તિ યોજાઈ



નિરોણા ખાતે સારસ્વતમ્ સંચાલિત પુંજાભાઈ આણંદજી હાઈસ્કૂલમાં વિશ્વ ગ્રામ સંસ્થાનાં સ્વયંસેવક મોહનભાઈ માતાના માર્ગદર્શનમાં કવિતાની ચળવળ અનોખી સર્જનાત્મક પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં ધો. ૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ ૧૩૦થી વધુ કવિતાઓ લખી હતી, જેમાંથી ૨૯ સ્વ-રચિત કવિતાઓ સ્વરૂપે મળી આવી હતી.

પ્રવૃત્તિ દરમિયાન મોહનભાઈએ દરેક વર્ગમાં જઈ કવિતા લેખનની સમજ આપી અને ઉદાહરણરૂપ બે-ચાર કવિતાનું પઠન કરતાં વિદ્યાર્થીઓમાં રસ જાગ્યો હતો. ખાસ કરીને મિત્રતા અને માતા વિષયક કવિતાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ દર્શાવ્યો. મોટા ભાગના વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછું એક કવિતા લેખન કર્યું, જ્યારે કેટલાંક વિદ્યાર્થીઓએ બે, ત્રણ અને ચાર સુધી કવિતાઓ લખીને સર્જનાત્મકતા દેખાડી હતી. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં કવિતાઓ લખાઈ, જ્યારે એક કવિતા સંસ્કૃતમાં પણ પ્રાપ્ત થઈ. બહેનોએ ભાઈઓ કરતાં વધુ ઉત્સાહ દર્શાવીને આકર્ષક ડિઝાઈન સાથે કવિતાઓને શણગારી હતી.

શાળાના આચાર્ય ડૉ વિષ્ણુભાઈ ચૌધરી તથા શિક્ષક અલ્પેશભાઈ જાનીએ સહયોગ આપ્યો હતો. તેમજ શાળા કક્ષાએ કાવ્યલેખન સ્પર્ધાનું આયોજન કરી વિદ્યાર્થીઓની સ્વ-રચિત કવિતાઓનું સંકલન કરી શાળાનો કાવ્ય સંગ્રહ પ્રકાશિત કરવાની આશા વ્યક્ત કરી હતી.



# નિરોણા હાઇસ્કૂલના વિદ્યાર્થીઓએ પ્રકૃતિના ખોળે પ્રકૃતિ શિક્ષણ શિબિરની મોજ માણી, કારા ડુંગર પર ટ્રેકિંગના રોમાંચ સાથે વન્યજીવોની વિસ્તૃત માહિતી મેળવી



કચ્છ વન વિભાગ દ્વારા સારસ્વતમ્ સંચાલિત પી. એ. હાઇસ્કૂલ, નિરોણાના ઇકો ક્લબ યુનિટના વિદ્યાર્થીઓ માટે કારા ડુંગર ખાતે બે દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

વન વિભાગની ટીમ દ્વારા તુલસીના છોડ અર્પણ કરી વિદ્યાર્થીઓ સહ શિક્ષકોનું ઉષ્માભેર સ્વાગત કરાયું હતું. રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર ઓમદેવસિંહ દ્વારા પી.પી.ટી.નાં માધ્યમથી કારા ડુંગર, અભયારણ્ય તથા રણ વિસ્તાર વિશે રસપ્રદ અને માહિતીસભર પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી. સાથેસાથે પક્ષીઓ, વન્યજીવો, વન અને પર્યાવરણનાં સંરક્ષણ તેમજ સંવર્ધન બાબતે વિદ્યાર્થીઓ શું કરી શકે તે અંગેની ફરજોની પણ વિગતવાર સમજ આપવામાં આવી હતી. સાંજે સનસેટ પોઇન્ટ પર સૂર્યાસ્તનો મનમોહક નજારો સૌ માટે અવિસ્મરણીય બની રહ્યો. રાત્રિના ભોજન બાદ કેમ્પફાયરનું આયોજન કરવામાં આવ્યું. અંતિમ દિવસે પ્રકૃતિ શિક્ષણ શિબિર દરમ્યાન વીતાવેલી યાદગાર પળોને વાગોળતા વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો અને મંતવ્યો રજૂ કર્યા. અંતે વન્યજીવ સંરક્ષણ સંબંધિત પુસ્તકો, પક્ષીઓનાં કૂંડાં અને માળા ભેટ રૂપે આપી પ્રકૃતિ શિક્ષણ શિબિર ઇન્ચાર્જ ઓમદેવસિંહ તથા તેમની ટીમના જાદવભાઇ, દેસાઇભાઇ અને સોઢાભાઇ દ્વારા ભાવસભર વિદાય આપવામાં આવી.સમગ્ર શિબિરનું આયોજન શાળાના આચાર્ય ડો. વી. એમ. ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ ઇકો ક્લબ ઓફિસર અલ્પેશભાઇ જાની દ્વારા કરવામાં આવ્યું હતું. શિબિરને સફળ બનાવવા શાળાના શિક્ષિકા ભૂમિબેન વોરા તથા તખતસિંહ સોઢાએ વિશેષ સહયોગ આપ્યો હતો.

## તાલુકા કક્ષાની ઈન્ટરસ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટ માં સારસ્વતમ્ સંચાલિત હાઈસ્કૂલ - દયાપર ચેમ્પિયન

તા. ૧૬/૧૨/૨૦૨૫ મંગળવાર ના રોજ તાલુકા કક્ષાની ઇન્ટરસ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સારસ્વતમ્ સંચાલિત હાઈસ્કૂલ - દયાપર ચેમ્પિયન બની હતી. આ કાર્યક્રમમાં લખપત તાલુકાની ૧૧ ટીમોએ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટની શરૂઆત સારસ્વતમ્ ઈલેવન - દયાપર અને પાનધ્રો ઈલેવન - પાનધ્રો વચ્ચે મેચ રમવામાં આવી હતી. જેમાં ટોસ જીતી સારસ્વતમ્ ઈલેવને બેટિંગ પસંદ કરી ૮ ઓવરમાં ૧૫૦ જેટલો સ્કોર કર્યો હતો. જયારે પાનધ્રો ઈલેવન ૮ ઓવર મા ૪૬ રન જ કરી શકી હતી. ત્યારબાદ સેમી ફાઈનલ સારસ્વતમ્ ઈલેવન અને માતાના મઢ ઈલેવન વચ્ચે રમવામાં આવી હતી ટોસ જીતી સારસ્વતમ્ ઈલેવને બેટિંગ પસંદ કરી ૮ ઓવરમાં ૨૦૪ જેટલો સ્કોર કર્યો હતો. જયારે માતાનામઢ ઈલેવન ૭.૨ ઓવર માં ૪૨ રન માં જ ઓલ આઉટ થઈ હતી. આ મેચમાં સારસ્વતમ્ ના ધોરણ ૧૨ ના વિદ્યાર્થી પુર્વીલ પટેલ ૧૧૬ રન કર્યા હતા. છેલ્લે ફાઈનલ મેચ સારસ્વતમ્ અને સેંટ ઝેવીયર્સ વચ્ચે રમવામાં આવી હતી. જેમાં સેંટ ઝેવીયર્સે ટોસ જીતી બેટિંગ પસંદ કરી હતી. તેમને ૮ ઓવર માં ૭૫ કરી ૭૬ રન નો ટાર્ગેટ આપ્યો હતો જે ૭.૨ ઓવર માં ટાર્ગેટ ચેઝ કરી સારસ્વતમ્ ઈલેવન - દયાપર ચેમ્પિયન બની ટ્રોફી પોતાના નામે કરી.





આ ટુર્નામેન્ટ માં પી.જી.વી.સી.એલ. ના ડેપ્યુટી ઈજનેર શ્રી ચાવડા સાહેબ, બી.આર.સી. કો. જે.ડી. મહેશ્વરી, શ્રી દિલીપભાઈ જણસારી, પુનિતભાઈ ગોસ્વામી, અનિલભાઈ સોની, મહેશભાઈ શાહ તથા અન્ય ગ્રામજનો હાજર રહ્યા હતા. તેઓએ સારસ્વતમ્ સંસ્થાને બિરદાવી હતી અને વિદ્યાર્થીઓ અને શાળાને અભિનંદન આપ્યા હતા. સારસ્વતમ્ સંસ્થાના પ્રમુખ શ્રી વિજયલક્ષ્મીબેન શેઠ, માનદમંત્રી શ્રી ડૉ. વિ. વિજયકુમાર અને વહીવટી અધિકારી શ્રી મુલેશભાઈ દોશી એ શાળા અને વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.





# શ્રી સારસ્વતમ્ સંચાલિત દયાપર હાઈસ્કૂલ ખાતે વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

લખપત તાલુકાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન સારસ્વતમ્ સંચાલિત હાઈસ્કૂલ- દયાપરમાં તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ યોજવામાં આવેલ હતું. આ પ્રદર્શનમાં લખપત તાલુકાની ૨૨ શાળાઓ માંથી ૪૬ કૃતિઓ એ ભાગ લીધેલ હતો. તેમાં વિભાગ - ૪ (ગાણિતિક નાવીન્યકરણ) મા આપણી શાળા સારસ્વતમ્ સંચાલિત હાઈસ્કૂલ - દયાપરનો પ્રથમ નબંર આવેલ છે. આ કૃતિ ધોરણ ૧૦ ના વિદ્યાર્થી જય નરોતમભાઈ લીંબાણી અને હર્ષ ધીરજભાઈ ચૌહાણ દ્વારા બનાવવામાં આવી હતી. આ કૃતિ બનાવવા માટેનું માર્ગદર્શન શ્રી અશ્વિનભાઈ ડઉ દ્વારા આપવામાં આવ્યું હતું.

આ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન નિહાળવા માટે કચ્છ ડી.ઈ.ઓ. શ્રી સંજયભાઈ પરમાર સાહેબ, ઈ.આઈ. શ્રી મન્સૂરી સાહેબ, એ. ઈ.આઈ. શ્રી દિનેશભાઈ દેસાઈ સાહેબ, લખપત તાલુકા મામલતદાર શ્રી નવીનચંદ્ર મારૂ સાહેબ, ટી.ડી.ઓ. શ્રી ચંદે સાહેબ, દયાપર ગામના સરપંચ પ્રતિનિધિ શ્રી હસમુખભાઈ પોકાર, આર.સી. કો. મહેશ્વરી સાહેબ, ગામના અલગ-અલગ મડંળોના પ્રમુખશ્રીઓ હાજર રહ્યા હતા. ડી.ઈ.ઓ. શ્રી પરમાર સાહેબે તેમના વકતવ્યમાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન અને શાળાના કાર્ય માટે રાજીપો વ્યકત કર્યો હતો.









# શ્રી સારસ્વતમ્ સંચાલિત દયાપર હાઈસ્કૂલ
## કલા ઉત્સવ

કચ્છ જીલ્લા કક્ષાના કલા ઉત્સવનું આયોજન જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગર પ્રેરિત મહારાણીશ્રી ગંગાબા સાહેબ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજ દ્વારા તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ - ભુજ ખાતે કરવામાં આવેલ. તેમાં સારસ્વતમ્ સંચાલિત હાઈસ્કૂલ-દયાપર ના ધોરણ-૯ ના વિદ્યાર્થી લંધા માહિર જાવેદભાઈ એ માધ્યમિક વિભાગમાં જીલ્લા કક્ષાના કલા ઉત્સવ-૨૦૨૫ મા સંગીત વાદન સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે. તેને આ સફળતા માટે ટ્રોફી અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવેલ.






### સુવિચાર

**આપણા વ્યકિતત્વની ઉત્પત્તિ આપણા વિચારોમાં છે,**
**આથી ધ્યાન રાખો કે તમે શું વિચારો છો,**
**શબ્દ ગૌણ છે, વિચાર મુખ્ય છે અને**
**તેની અસર લાંબાગાળા સુધી રહેતી હોય છે.**

## દાતાશ્રીઓ દયાપર હાઈસ્કૂલની મુલાકાત

તારીખ ૨૦/૧૧/૨૦૨૫ ના રોજ સારસ્વતમ્ સચાંલિત દયાપર હાઈસ્કૂલ – દયાપર (તા.લખપત કચ્છ) ખાતે સ્વ. શ્રી લલિત દોશી મેમોરીયલ ફાઉન્ડેશન – મબુંઈ ના પ્રતિનિધિશ્રી સુભાષ એન. દોશી તથા તેમના પરિવારજનોએ દયાપર હાઈસ્કૂલની મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં શાળા પરિવાર વતી આચાર્યશ્રી જીતેશગીરી ગોસ્વામીએ શાળા તથા સંસ્થાની પૂરક વિગતો આપી હતી. તેમના પરિવારની દિકરી સુરભી દોશીએ શાળાની ગ્રામીણ વિસ્તારની આવી લાઈબ્રેરી જોઈને ખૂબજ પ્રભાવિત થઈ સંતોષની લાગણી વ્યકત કરી હતી અને સૌ પરિવાજનોએ શાળા સફાઈ તથા શાળાની ભૌતિક સુવિધાઓ જોઈ આનંદની  લાગણી વ્યકત કરી હતી. આ મુલાકાત દરમ્યાન તેમની સાથે સંસ્થાના મધ્યસ્થ કાર્યલયના નીતા મુલેશ દોશી પણ જોડાયા હતા. આ ઉપરાંત પરિવારજનોમાં વાસંતી દોશી, શ્રી ગણેશકુમાર તથા રેખાબેન વગેરે પણ સાથે રહીને શાળાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરેલ હતું.



શ્રી સુભાષ દોશીનું સન્માન કરતાં દયાપર
હાઈ. ના આચાર્યશ્રી જીતેશગીરી




શાળા પરિવાર સાથે સમૂહ તસ્વીર

## PGVCL તરફથી સંસ્થા સંચાલિત શાળાઓ માટે મળેલ CSR ફંડમાંથી શાળાની ભૌતિક સુવિધાઓમાં વધારો કરાયો.

PGVCL રાજકોટ સ્થિત કચેરીમાંથી ગત વર્ષ ૩૧ માર્ચ ૨૦૨૫ના રોજ સંસ્થાની દરખાસ્ત મુજબરૂ. ૨૫,૮૦,૦૦૦/- (અંકે પચ્ચીસ લાખ એંશી હજાર પુરા) CSR ફંડમાંથી ફાળવવામાં આવેલ હતા. જેમાંથી નીચેની શાળાઓ માટે ભૌતિક સુવિધાઓમાં વધારો કરવામાં આવ્યો હતો. શાળાની ૦૫(પાંચ) શાળાઓમાં ઈન્ટ્રેકટીવ પેનલ બોર્ડ, ૨૦ (વીસ) શાળાઓ માટે વોટર કુલર, ૨૦ (વીસ) શાળાઓ માટે સિન્ટેક્ષ વોટર ટેંક ૧૦૦૦ Ltr. તથા બોરવેલ મોટર પણ ૨૦ (વીસ) શાળાઓમાં આપવામાં આવી હતી.

આ ઉપરાંત મોથાળા, દયાપર, નલિયા, કોટડી(મહાદેવપુરી) તથા ખાવડા હાઈસ્કૂલમાં સેનિટેશન સુવિધા સુધારીને રિપેરીંગ કાર્ય કરવામાં આવ્યું તથા ભદ્રેશ્વર હાઈસ્કૂલની પાણીની સમસ્યાને લઈને નવી પાણીની મોટી લાઈન બેસાડવામાં આવી હતી. જેના અલગ-અલગ ફોટોગ્રાફ્સ સામેલ રાખેલ છે. સંસ્થાનાં ટ્રસ્ટીગણે PGVCL ના મેનેજીંગ ડીરેકટરશ્રી પરત્વે આભારની લાગણી વ્યકત કરી હતી.

**૧. સેનિટેશન :-**

(મોથાળા, દયાપર, નલિયા, કોટડી(મહાદેવપુરી) તથા ખાવડા ખાતે સેનિટેશન સુવિધાઓ .)

**મોથાળા હાઈસ્કૂલ સેનિટેશન વર્ક ફોટોગ્રાફ્સ**





**દયાપર હાઈસ્કૂલ સેનિટેશન વર્ક ફોટોગ્રાફ્સ**





**૨. પાણી ટાંકી તથા સબમર્સિબલ પમ્પ :-**

(પાણીની ૧૦૦૦ લીટરની ટાંકી તથા સબમર્સિબલ પમ્પ સંસ્થાની વીસ (૨૦) શાળાઓમાં પહોંચતા કરાયા છે.)

**મંજલ હાઈસ્કૂલ પાણી ટાંકી તથા સબમર્સિબલ પંમ્પ ફોટોગ્રાફ્સ**




**શિરવા તથા છસરા હાઈસ્કૂલના પાણી ટાંકી તથા સબમર્સિબલ પમ્પ ફોટોગ્રાફ્સ**








**૩. 75" સ્માર્ટ બોર્ડ :-**

(75" સ્માર્ટ બોર્ડ સંસ્થાની પાંચ (૦૫) શાળાઓમાં પહોંચતા કરાયા છે.)

**મંજલ હાઈસ્કૂલ 75" સ્માર્ટ બોર્ડ - ફોટોગ્રાફ્સ**




**કોટડી (મહાદેવપુરી) હાઈસ્કૂલ 75" સ્માર્ટ બોર્ડ - ફોટોગ્રાફ્સ**



**૪. વોટર કુલર :-**

(વોટર કુલર સંસ્થાની વીસ (૨૦) શાળાઓમાં પહોંચતા કરાયા છે.)

**મંજલ હાઈસ્કૂલ વોટર કુલર - ફોટોગ્રાફસ**



**મોથાળા હાઈસ્કૂલ વોટર કુલર - ફોટોગ્રાફસ**



**૫. પાણીની લાઈન :-**

**ભદ્રેશ્વર હાઈસ્કૂલ પાણીની લાઈન - ફોટોગ્રાફસ**









## વી.આર.ટી.આઈ. સંસ્થાની પુસ્તક સહાય યોજનાનો લાભ લેતી સારસ્વતમ્‌ની ત્રણ શાળાઓ

શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનીંગ ઈન્સ્ટીટયુટને ૫૦ વર્ષ પૂર્ણ થયા. એ સંસ્થામાં ચાલતી અનેકવિધ પ્રવૃતિઓ પૈકી એક પ્રકલ્પ એટલે આચાર્ય વિનોબા ભાવે શિક્ષિત સંસ્કાર પ્રકલ્પ. આ શૈક્ષણિક પ્રકલ્પને ૨૫ વર્ષ પૂર્ણ થયા. આ નિમિતે ૨૫ ગ્રંથાલયોને રાહતદરે પુસ્તકો આપવાની એક યોજના છે. જેમાં રૂા.૭૫૦૦/-નો ફાળો આપનાર ગ્રંથાલય/શાળાને રૂા.૨૫૦૦૦/-ની કિંમતના પુસ્તકો પહોંચતા કરવાની વાત હતી. આ યોજનાની જાણ સારસ્વતમ્‌ના આચાર્યશ્રીઓને કરવામાં આવી હતી. આ યોજનાનો લાભ નીચેની ત્રણ શાળાઓએ રૂા.૭૫૦૦/- ના દાતાશ્રીઓ શોધીને શાળાની લાઈબ્રેરી માટે રૂા.૨૫૦૦૦/- ના પુસ્તકો વસાવ્યા. જે સન્માનીય દાતાશ્રીઓએ સહયોગ આપ્યો છે. તેમના નામ અને શાળાનું નામ નીચે મુજબ છે.

| ક્રમ | દાતાશ્રીનું નામ અને સરનામું | રકમ | શાળાનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રી ઠક્કર રામભાઈ પરષોતમભાઇ<br>મિથુન ટ્રેડર્સ – દયાપર<br>(તા. લખપત-કચ્છ) | રૂા.૭૫૦૦/- | સારસ્વતમ્ સંચાલિત<br>દયાપર હાઈસ્કૂલ |
| ૨ | શ્રી પ્રિન્સકુમાર ભરતભાઈ પટેલ<br>મુ, કોટડા(ચકાર) હાલે પર્થ-ઓસ્ટ્રેલિયા<br>(કોટડા-ચકાર હાઈ.ના આચાર્યશ્રી<br>ભરતકુમાર પટેલના સુપુત્ર ) | રૂા.૭૫૦૦/- | સારસ્વતમ્ સંચાલિત<br>કોટડા-ચકાર હાઈસ્કૂલ |
| ૩ | શ્રી પ્રવિણભાઈ વીરા-દેવપુર ગઢ | રૂા.૨૫૦૦/- | સારસ્વતમ્ સંચાલિત એન.વી.<br>હાઈસ્કૂલ કોટડા-રોહા હાઈસ્કૂલ |
| ૪ | શ્રી રમેશભાઈ મિસ્ત્રી-દેવપુર ગઢ | રૂા.૨૫૦૦/- | |
| ૫ | શ્રી છગનભાઈ પટેલ-કુરબઈ | રૂા.૨૫૦૦/- | |

ઉપરોકત દાતાશ્રીઓના સહયોગથી રૂા.૨૫૦૦૦/- ના પુસ્તકો દયાપર, કોટડા(ચકાર) અને કોટડા(રોહા) હાઈસ્કૂલની લાઈબ્રેરી માટે વસાવવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જાણીતા સોલીસીટર શ્રી પ્રવિણભાઈ વીરા(થાણા-મહારાષ્ટ્ર) તરફથી સંસ્થાની તમામ શાળાઓ માટે અવાર-નવાર સુંદર પુસ્તકો શાળાની લાઈબ્રેરી માટે ભેટ મળતા હોય છે.

## શ્રી સારસ્વતમ્ સંચાલિત મસ્કા હાઈસ્કૂલ
## શૈક્ષણિક પ્રવાસ

| તારીખ | સ્થળ | રાત્રી રોકાણ |
|---|---|---|
| ૧૮-૧૨-૨૦૨૫ | મસ્કા થી સ્ટેચ્યુ ઓફ યુનિટી | સ્ટેચ્યુ ઓફ યુનિટી |
| ૧૯-૧૨-૨૦૨૫ | સ્ટેચ્યુ ઓફ યુનિટી થી પોઈચા | સ્ટેચ્યુ ઓફ યુનિટી |
| ૨૦-૧૨-૨૦૨૫ | પોઈચા થી પાવાગઢ | પાવાગઢ |
| ૨૧-૧૨-૨૦૨૫ | ડાકોર થી મસ્કા | - |

શાળાના આચાર્યશ્રી મયુરભાઈ રાવલના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ શાળામાંથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૪ દિવસ દરમ્યાન સ્ટેચ્યુ ઓફ યુનિટી, પોઈચા - નીલકંઠ ધામ, પાવાગઢ, ડાકોર જેવા સ્થળોએ પ્રવાસ કરવાનું નક્કી કરવામાં આવ્યું. જેમાં સંસ્થાની અનુમતી, પોલિસ સ્ટેશનની મંજુરી, RTO ઓફીસથી વેરીફીકેશન અને જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ભુજની અનુમતિ લેવામાં આવી. પ્રવાસ માટે વિદ્યાર્થીઓના વાલીની લેખિતમાં સંમતી લેવામાં આવી. ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ પૈકી ૩૦ કુમાર અને ૨૩ કન્યાઓ એમ ૫૩ વિદ્યાર્થીઓ અને સાથે શિક્ષક સ્ટાફમાંથી ૪ ભાઈઓ અને ૨ બહેનો પ્રવાસમાં જોડાયા હતા.

વિદ્યાર્થીઓને લઈને પ્રવાસ જવાનું થાય ત્યારે કેટલીક જવાબદારી અને સૂચનો ભલામણ, જે બાબતે શાળાના આચાર્યશ્રી મયુરભાઈ રાવલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓને પ્રવાસ દરમ્યાન લઈ જવાની વસ્તુ માટે સૂચનો આપ્યા. તા. ૧૮-૧૨-૨૦૨૫ ના પ્રવાસ જવા માટે પ્રસ્થાન કર્યું.

મસ્કાથી બસમાં બેસીને ભારત માતા કી જયકારના નાદ સાથે સીધા સ્ટેચ્યુ ઓફ યુનિટી જવા નીકળ્યા. ટ્રાવેલિંગ દરમ્યાન વિદ્યાર્થીઓ બસમાં ખુબ જ મોજ મસ્તી, ડાન્સ, ગીતો ગાતા મજા માણી. રાત્રીના સમયે એકતા નગરની બાજુના ગામમાં વૃંદાવન રિસોર્ટમાં ઉતારો મેળવ્યો. વહેલી સવારે ત્યાં સ્નાન ફ્રેશ થઈને નાસ્તો કરી રિસોર્ટમાં ફોટો સેસન કર્યા બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત માટે ગયા.







એકતા નગર ખાતે આવેલી ૧૮૨ મીટર ઉંચાઈ ધરાવતી ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા નિહાળી વિદ્યાર્થીઓમાં એકતાના દર્શન કરાવ્યા. ત્યાં આખો દિવસ ગેલેરી પ્રદર્શન, જંગલ સફારી, ફલાવર વેલીની ની મુલાકાત લીધી. એકતા નગર ખાતે નિર્માણ પામેલ જંગલ સફારીની મુલાકાત માટે પ્રસ્થાન કર્યું.

જંગલ સફારીમાં વિવિધ પક્ષીઓ, પ્રાણીઓ, જીવજંતુઓ, જંગલી પ્રાણીઓને નિહાળ્યા. આ જોઈને બાળકોને ખુબ મજા પડી. ત્યારબાદ સરદાર બંધને નિહાળવા ગયા. અને ત્યાર પછી ત્યાં જ ખૂબ વિશાળ વિસ્તારમાં તૈયાર કરેલ અલગ અલગ ફૂલોથી સજ્જ ફલાવર વેલીની મુલાકાત લીધી.

સરદાર વલ્લભભાઈ પટેલના દેશ માટેના આગવા વિચારો, અખંડિત દેશ માટે કરેલા પ્રયત્નો, દેશની આઝાદી અને દેશ વિકાસ માટે કરેલા અનન્ય કાર્યોની છબી આપણી સમક્ષ તાજી થાય એવી ગેલેરી પ્રદર્શન નિહાળી લીફટ મારફતે સ્ટેચ્યુ ઓફ યુનિટિની છાતીના ભાગ સુધી જઈને નર્મદા બંધ અને આખાય એકતા નગરની શોભાને નિહાળી વિદ્યાર્થીઓ ખુશ થયા. તે દિવસનું રાત્રી રોકાણ વૃંદાવન રિસોર્ટમાં જ હતું. ૬-૬ વિદ્યાર્થીઓ વચ્ચે અલગ અલગ રૂમમાં રાત્રી રોકાણ કર્યું.




બીજા દિવસે વહેલી સવારે તૈયાર થઈ નાસ્તો કર્યા બાદ પોઈચા નીલકંઠ ધામ જવા નીકળ્યા. ત્યાં પહોચી નીલકંઠ ધામમાં પ્રદર્શનમાં પ્રવેશ મેળવ્યો. પ્રદર્શન નિહાળીને બહાર નીકળ્યા બાદ ત્યાં વિશાળ જગ્યામાં નિર્માણ પામેલ શ્રી સ્વામીનારાયણ મંદિરમાં આરતીના દર્શન કર્યા અને સાંજે ભોજન ત્યાં જ લીધું. ત્યારબાદ ત્યાંથી પાવાગઢ જવા પ્રસ્થાન કર્યું.

રાતે પાવાગઢ પહોચ્યા બાદ ત્યાં ચાંપાનેર કિલ્લામાં ઉતારા માટે રૂમ મેળવ્યા અને ત્યાં આરામ કર્યો. તા.૨૦/૧૨/૨૦૨૫ ના વહેલી સવારે ઉઠી તૈયાર થઈને નાસ્તો કર્યો. ત્યાંથી પાવાગઢ પર્વતારોહણ કરવા માટે જવા નીકળ્યા. ૨૨૦૦ જેટા પગથિયા ચઢાણ કરીને પર્વત ઉપર બિરાજમાન મહાકાળી મા કાળકા માતાજીના દર્શન કરીને નયન રમ્ય મંદિરના દર્શન કરીને ધન્ય થયા. પાછા ફરતી વખતે બધા જ ઉડનખટોલાના સહારે એમાં બેસીને બાળકો મોજ માણી. બપોરના ઉતારા ઉપર જઈને બપોરનું ભોજન લીધું અને ત્યાંથી ડાકોર જવા માટે પ્રસ્થાન કર્યું

સાંજે ૫ વાગ્યાની આસપાસ ડાકોર પહોચ્યા. ડાકોરના ઠાકોર ભગવાન રણછોડરાયજી ના દર્શન કર્યા. દર્શન કર્યા બાદ બધા જ બાળકો પોત પોતાની રીતે ડાકોરની બજારમાં ખરીદી માટે નીકળ્યા. સાંજે ૭ વાગ્યે ફરી પાછા મંદિરમાં બધા ભેગા થયા અને ત્યાંથી એક પાર્ટી પ્લોટમાં સાંજના જમવાની વ્યવસ્થા ગોઠવેલી હતી ત્યાં પહોચ્યા.

સાંજે ભોજન કરી અને પાર્ટી પ્લોટના લોનના મેદાનમાં બાળકો સાથે શિક્ષકો રાસ ગરબાની રમઝટ લગાવી. વિદ્યાર્થી ઓ પ્રવાસની મજા માણતા માણતા હજુ પણ પ્રવાસ માટે એક દિવસ વધુ ફાળવવા આચાર્ય સાહેબ પાસે માંગ મૂકી. ફરવા લાયક પ્રવાસના આયોજન કરેલા તમામ સ્થળોની મુલાકાત બાદ મસ્કા પરત ફરવા નીકળ્યા પ્રવાસની મજા માણવામાં સૌને ખૂબ થાક લાગ્યો હોવા છતાં પણ સૌ બસમાં બેસીને બસમાં ગીતોની રમઝટ બોલાવીને અને પ્રવાસ દરમ્યાન માણેલી મોજને વાગોળવા લાગ્યા. પ્રવાસમાંથી પાછા ફરતી વખતે સાણંદ મુકામે માધ્યમિક શિક્ષણ સંઘના મહામંત્રી શ્રી અજીતભાઈ ભાનુશાલી તથા શાળાના કર્મચારી અને મા. શિ. સંઘના ઉપપ્રમુખ શ્રી શાંતિલાલ પટેલ તેઓએ બાળકોની શુભેચ્છા મુલાકાત લીધી હતી. તા. ૨૧/૧૨/૨૦૨૫ના રોજ મસ્કા શાળા આગળ ગાડી પહોચી. આમ, દિવસના શૈક્ષણિક પ્રવાસ નિર્વિઘ્ન અને હર્ષોઉલ્લાસ - ઉત્સાહ સાથે પૂર્ણ થયો. સમગ્ર પ્રવાસનું આયોજન પ્રવાસ સમિતિ કન્વીનર શાળાના શિક્ષકશ્રી મનસુખભાઈ હાલાઈ અને શાળાના કર્મચારીઓના સાથ સહકારથી કરવામાં આવ્યું હતું અને આ પ્રવાસને સફળ બનાવા માટે સમગ્ર શાળા સ્ટાફ પરિવારે જહેમત ઉઠાવી હતી.

## રસેશ રાવલ
## આંખનું ઝરણું / લઘુકથા

નાનકડા હાથ હંમેશા કવરમાં રહેલ પત્ર વાંચવા વારંવાર વળતા. કાગળની સાથે એક પાર્સલ પણ હતું જેમાંથી એક નાની ઢીંગલી નીકળેલ. ઢીંગલીને સામે રહેલા શો-કેસમાં એણે સ્થાન આપ્યું હતું એની સાથે એ પણ આંખો પટપટાવતી, રમતી, આનંદ લેતી. પોતે કરેલ જીદને કારણે આ શક્ય બન્યું હતું અને આ નવું રમકડું ઘરમાં આવ્યું હતું.

મમ્મી, 'હવે પપ્પા આવે એટલે મને રચના પાસે છે એવું જ જોઈએ' સામેથી કોઈ પ્રત્યુત્તર મળ્યો નહીં એટલે કહે, 'તું તો કહેતી હતી કે પપ્પા આવશે પણ ક્યારે આવશે ? આમને આમ તું મને કહ્યા કરે છે પણ આવતા તો નથી'.

સમય પસાર થયો. એ નિશાળેથી પાછી આવી પરંતુ ખબર નહીં કેમ આજે એ ખૂબ ઉદાસ હતી. કોઈએ એને જાણે કંઈ કહ્યું ના હોય ! મમ્મીએ કહ્યું, 'ચાલ જમવાનું તૈયાર છે જમી લે' પણ આજે એણે કોઈ જવાબ આપ્યો નહીં.

ધીમે ડગલે તે શો-કેસ પાસે ગઈ અને પેલી ઢીંગલીને ઉપાડી અને એને છાતી સરસી ચાંપી. થોડી દૂર પડેલ લોખંડની પેટીને ખોલી અને એમાંથી કાગળ કાઢ્યો. ભારે હૈયાંથી એ કાગળ ખોલ્યો અને ફરીથી શબ્દશઃ વાંચ્યો. વાંચીને આંખમાંથી ઝરણું પ્રગટ થયું અને પત્ર પર રેડાયું. એ હીબકાં લેતી દીવાલ પર ટીંગાડેલ ફોટોફ્રેમ સુધી પહોંચી અને બે હાથ જોડી નતમસ્તક થઈ ત્યાં જ ઊભી રહી. બાજુની શેરીમાં વાગતું ગીત એણે સાંભળ્યું :

સાત સમંદર પાર સે, ગુડિયો કે બાજાર સે, અચ્છી સી ગુડિયાં લાના, ગુડિયાં ચાહે ના લાના, પપ્પા જલ્દી આ જાના..

**રસેશ રાવલ**
**આચાર્યશ્રી સારસ્વતમ્**
**સંચાલિત બાડા હાઈસ્કૂલ**

### સુવિચાર

**તમારે જ તમારી જાતને સુધારવી પડશે.**
**તમારામાં અન્ય કોઈ પરિવર્તન નહીં લાવી શકે.**
**તમારા 'સ્વ' કે આત્માથી વધુ સારો**
**શિક્ષક કોઈ બની જ ના શકે.**

## રમત ગમત ક્ષેત્રમાં સારસ્વતમ્ મસ્કા હાઈસ્કૂલનું ગૌરવ

**રાજગોર જીગર ભરતભાઈ :-** અં. ૧૯ સેપક ટકરાવમાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પસંદગી પામી ગુજરાતની ટીમ વતી રાજસ્થાન મુકામે રમવા ગયેલ.

**નાકર પ્રગતિ હિતેશભાઈ :-** ક્રિકેટ અં. ૧૫ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેસનની G-1 ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્રની ટીમમાં પસંદગી પામી અને સૌરાષ્ટ્રની ટીમ વતી મહારાષ્ટ્ર નાગપુર મુકામે રમવા ગયેલ.

**નાકર પ્રિયાંશી હિતેશભાઈ :-** અં.૧૯ સીઝન બોલ ક્રિકેટમાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પસંદગી પામી ગુજરાતની ટીમ વતી મધ્ય પ્રદેશ રમવા ગયેલ.

### મસ્કાની શાળાનાં છાત્રોએ રાજ્ય, રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો

મસ્કા ખાતે સારસ્વતમ્ સંચાલિત આર. એચ.પી.ઉ.મા.શાળાનાં વિદ્યાર્થીઓ રમત ગમત ક્ષેત્રે રાજ્ય કક્ષા તેમજ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાં અં. ૧૭ નેટબોલમાં ભાઈઓએ રાજ્ય કક્ષામાં બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. જ્યારે અં. ૧૯ નેટબોલમા ભાઈઓએ ત્રીજો નંબર મેળવ્યો હતો.



ડીસામાં યોજાયેલા પ્રિનેશનલ કેમ્પમાં અં.૧૯ સેપક ટકરાવમાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પસંદગી પામી રાજગોર જિગરે સઘન તાલીમ મેળવીને રાજસ્થાનમાં ગુજરાતની ટીમ વતી રમવા ગયા હતા. જે બદલ કોચ શાંતિલાલ પટેલને સંસ્થાના પ્રમુખ વિજયાબેન શેઠ, માનદ્મંત્રી ડૉ. વી. વિજયકુમાર, કૈલાસભાઈ દોશી, મુકેશભાઈ ધોયા, મૂલેશભાઈ દોશી, ઊર્મિલાબેન ગોર, જિજ્ઞાબેન નાથાણી, મયૂરભાઈ રાવલે શુભેચ્છાઓ પાઠવી હતી.

### મસ્કા ગામની સારસ્વતમ્ હાઈસ્કૂલનું ક્રિકેટ રમતગમત ક્ષેત્રે ગૌરવ

ક્રિકેટ રમતગમત ક્ષેત્રે અં.૧૫ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશનની (S.C.A.) G-૧ ટૂર્નામેન્ટમાં સૌરાષ્ટ્રની ટીમમાં મસ્કા ખાતે સારસ્વતમ્ સંચાલિત આર.એચ.પી.ઉ.માં. શાળાની વિદ્યાર્થિની નાકર પ્રગતિ હિતેશભાઈની પસંદગી થઈ હતી. જેઓએ



રાજકોટમાં ક્રિકેટની સઘન તાલીમ મેળવી સૌરાષ્ટ્રની ટીમ વતી નાગપુર મહારાષ્ટ્ર ખાતે રમવા ગઈ હતી.

વિદ્યાર્થિનીને સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ ખેલાડી તેમજ કોચ શાંતિલાલ પટેલને સારસ્વતમ્ સંસ્થા પ્રમુખ વિજયાબેન શેઠ, માનદમંત્રી ડૉ. વી.વિજયકુમાર, સંસ્થાના ટ્રસ્ટી કૈલાસભાઈ દોશી, જિલ્લા રમત-ગમત અધિકારી મુકેશભાઈ થોયા, મૂલેશભાઈ દોશી, સરપંચ ઊર્મિલાબેન ગોર, વાલી મંડળ પ્રમુખ જિજ્ઞાબેન નાથાણી, આચાર્ય મયૂરભાઈ રાવલ તેમજ શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

### રમત-ગમત ક્ષેત્રે મસ્કા ખાતેની સારસ્વતમ્ હાઈસ્કૂલનું ગૌરવ

મસ્કા ખાતે સારસ્વતમ્ સંચાલિત આર. એચ.પી. ઉ.માં.શાળાના વિદ્યાર્થીઓ રમત ગમત ક્ષેત્રે રાજ્ય કક્ષા તેમજ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાં અં ૧૯ સીઝન બોલ ક્રિકેટમાં નાકર પ્રિયાંશી હિતેશભાઈની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પસંદગી થઈ હતી. તેઓ જામનગર ખાતે પ્રિ-નેશનલ કેમ્પમાં ૧૫ દિવસની સઘન



તાલીમ મેળવી ગુજરાતની ટીમ વતી મધ્યપ્રદેશમાં રમવા ગયા હતા. આ સિદ્ધિ બદલ ખેલાડી તથા કોચ શાંતિલાલ પટેલને સંસ્થાના પ્રમુખ વિજયાબેન શેઠ, માનદ્મંત્રી ડૉ. વી.વિજય કુમાર, ટ્રસ્ટી કૈલાસભાઈ દોશી, જિલ્લા રમત-ગમત અધિકારી મુકેશભાઈ ધોયા, સંસ્થાનાં વહીવટી વડા મૂલેશભાઈ દોશી, સરપંચ ઊર્મિલાબેન ગોર, વાલી મંડળ પ્રમુખ જિજ્ઞાબેન નાથાણી, આચાર્ય મયૂરભાઈ રાવલ તેમજ શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

સારસ્વતમ્ સંચાલિત માતુશ્રી આર.એચ.પી.ઉ.મા.શાળા મસ્કાના વિદ્યાર્થીઓ ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષમાં સહ અભ્યાસિક પ્રવૃત્તિ અંતર્ગત રમત ગમત ક્ષેત્રે જીલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી રાજ્ય કક્ષાની અં.૧૭, અં-૧૯ સેપક ટકરાવ, સોફ્ટ બોલ, નેટબોલ, બેઝબોલ, ક્રિકેટ સ્પર્ધામાં આણંદ, પાલનપુર, મોડાસા, જામનગર મુકામે ૮૦ જેટલા વિદ્યાર્થીઓ અને રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં પણ રમવા ગયા હતા. તેમજ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં રાજગોર જીગર, નાકર પ્રિયાંશી, નાકર પ્રગતિ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર મુકામે રમવા ગયા હતા.













શાળાના વિદ્યાર્થીઓએ રમત ગમત ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ ખેલાડીઓ તેમજ કોચશ્રી શાંતિલાલ પટેલને સારસ્વતમ્ સંસ્થાના પ્રમુખશ્રી વિજયાબેન શેઠ, માનદ્ મંત્રીશ્રી ડૉ. વિ. વિજયકુમાર વહીવટી વડાશ્રી મુલેશભાઈ દોશી, શાળાના આચાર્યશ્રી મયુરભાઈ રાવલે તેમજ શાળા પરિવારના સર્વે સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

## સુવિચાર

**જીવનમાં એટલા વ્યસ્ત બની જાઓ કે**
**પસ્તાવો, દુઃખ, ડર અને નફરત**
**માટે સમય જ ન બચે.**
**યાદ રાખો કે જીવનમાં નવરો બેસેલો**
**વ્યકિત જ સૌથી વધારે દુઃખી છે.**

## શ્રી સારસ્વતમ્ સંચાલિત બાડા હાઈસ્કૂલ

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥

દાન આપવું જ જોઈએ એવા ભાવ થી, કોઈપણ પ્રતિદાનની અપેક્ષા રાખ્યા વિના, યોગ્ય સ્થાન પર, યોગ્ય સમય પર અને યોગ્ય પાત્રને આપવામાં આવે એને સાત્વિક દાન કહે છે.

ઉપરોકત શ્લોકને સાર્થક કરતા અને નિરંતર દાનગંગાને વહેતી રાખતા માતૃશ્રી ચંચલબેન કલ્યાણજી પાલણ ગડા (ગામ-બાડા, હાલે વલસાડ) દ્વારા હરિયા હાઈસ્કૂલ બાડા ને રૂપિયા ૧,૩૫,૦૦૦ જેટલી માતબર રકમ આપવામાં આવી જેના દ્વારા હાઈસ્કૂલની કમ્પ્યુટર લેબ ને કુલ-૨ (૧.૫ ટનના A. C) ની ઉમદા ભેટ મળી. ઉપરાત લેબમાં ખૂટતી કડી જેવી કે થ્રી ફેજ લાઈન, 6m, કેબલ વી ગાર્ડ સ્વિચ, જેવી સંપૂર્ણ સામગ્રી આપવાની પણ તૈયારી બતાવી તેમજ ધોરણ -૧૦ નાં વર્ગ માટે ચાર વોલફેન અને પ્રાર્થનાહોલ, સ્ટાફરૂમ માટે ૧ સીલીંગ ફેનની પણ ભેટ આપવામાં આવી.

ઉપરોકત સ્નેહાભિષેક માટે શાળા પરિવાર તેમજ સારસ્વતમ્ સંસ્થા અને હરિયા ચેરીટેબલ ટ્રસ્ટે એમનો આભાર વ્યકત કર્યો હતો. આગામી સમયમાં શ્રી માતૃશ્રી ચંચલબેન કલ્યાણજી પાલણ ગડા દ્વારા ધોરણ ૯ અને ૧૦ નાં વર્ગ માટે કુલ ૪ A. C. તેમજ આચાર્ય ઓફીસ માટે કુલ - ૧ (૧.૫) ટનના A. C. આપવામાં આવશે.



### સુવિચાર

**વિચારો અને પાણી હંમેશા સ્વચ્છ હોવા જોઇએ.**
**દૂષિત પાણી સ્વાસ્થ્ય બગાડે છે અને**
**દૂષિત વિચારો જીવન બગાડે છે.**

## શ્રી સારસ્વતમ્ સંચાલિત બાડા હાઈસ્કૂલ શૈક્ષણિક પ્રવાસ અને દાતાશ્રીની દાન ગંગા

શ્રી સારસ્વતમ્ સંચાલિત હરિયા હાઈસ્કૂલ બાડા દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન ૧૭-૧૨-૨૫ થી ૨૧-૧૨-૨૫ દરમિયાન કરવામાં આવ્યું કુલ ૫૧ વિદ્યાર્થીઓએ આ પ્રવાસમાં ભાગ લીધો. દ્વારકા, સોમનાથ, ભીમરાણા, પોરબંદર, ભાલકાતીર્થ, દેવળીયા પાર્ક (સિંહ દર્શન) જુનાગઢ માં ઉપરકોટ, અશોક શિલાલેખ, સક્કરબાગ જેવા સ્થળોએ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી. પ્રત્યેક વિદ્યાર્થી પાસે રૂપિયા ૨૫૦૦ એકત્રિત કરવામાં આવ્યા હતા પરંતુ ધાર્યા કરતા ખર્ચ નું પ્રમાણ વધ્યું તરત જ પ્રવાસને સફળ બનાવવા માટે શ્રી કેતનભાઈ વલ્લભજીભાઈ ગડા દ્વારા તૈયારી દર્શાવવામાં આવી. રૂપિયા ૧૪૦૦૦ જેટલી માતબર રકમ શાળા પ્રવાસ માટે આપવામાં આવી. ઉપરોક્ત પ્રવાસને સફળ બનાવવા માટે શાળા પરિવાર, સારસ્વતમ્ સંસ્થા, હરિયા ચેરીટેબલ ટ્રસ્ટ એવમ વાલીમંડળે શ્રી કેતનભાઈ વલ્લભજીભાઈ ગડાનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.





### સુવિચાર

**પુસ્તકમાં વાંચો છો માટે અમુક વાત સાચી છે એવું માનશો નહીં, બીજો માણસ આમ કહે છે માટે એ સાચી છે એવું માનશો પણ નહીં, પોતાના પુરૂષાર્થથી જ સત્ય શોધી કાઢો. એનું નામ જ સાક્ષાત્કાર.**

## શ્રી સારસ્વતમ્ સંચાલિત દરશડી હાઈસ્કૂલ

દરશડી ખાતે એસ.પી.ડાયાણી હાઈસ્કૂલના માર્ચ-૧૯૯૯ બોર્ડનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિઓનું શાળા છોડ્યાનાં ૨૬ વર્ષ બાદ પ્રથમ ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો. શાળાની સ્થાપના વર્ષ ૧૯૭૦મા થઈ હતી. ૫૫ વર્ષના ઇતિહાસમાં પ્રથમ સ્નેહમિલન કાર્યક્રમનાં પ્રારંભે સ્વ.ગુરુજનો અને વિદ્યાર્થીઓને મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી.

દિનેશભાઇ, ભાણજીભાઇ, કાર્યરત આચાર્ય નરશીભાઇ, માધુભા જાડેજા, હીરાભાઈ, વાછરા દાદાના ભોપાશ્રીની હાજરીમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સ્કૂલને સંસ્મરણ સ્વરૂપે સરસ્વતી માતાજીની ફોટો ફ્રેમની ભેટ આપી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ૨૬ વર્ષના લાંબા ગાળા પછી મળ્યા બાદ ભૂતકાળના શાળા અભ્યાસ, રમતગમત અને અન્ય રમૂજી પ્રસંગોને યાદ કર્યા હતા. ટૂંક સમયમાં શાળામાં ૧૯૭૦થી અત્યાર સુધીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાય એવા પ્રયાસો કરવાની જાહેરાત કરી હતી.



સ્વાગત પ્રવચન કામિની ભગતે, રાષ્ટ્રગાન પરેશ પોકારે કર્યું હતું. સંચાલન પ્રકાશ ભગત અને નીતિન પોકારે તથા આભાર વિધિ અરવિંદ લેઉવાએ કરી હતી. પરેશ નાકરાણી, દેશર સંગાર, અરવિંદ લેઉવા, કલ્પેશ લીંબાણી, પ્રવીણ હીરાણી, પન્ના રબારીએ આર્થિક સહયોગ આપ્યો હતો. આયોજક સમિતિ કલ્પેશ લીંબાણી, કામિની ભગત, દિલીપસિંહ જાડેજા, જાગૃતિ વાસાણી, મનીષા ધોળુ, અનિલ જબુઆણી, પ્રવીણ હીરાણીએ જહેમત ઉઠાવી હતી.

### સુવિચાર

**તમે જે માર્ગે ચાલી રહયા છો ત્યાં**
**કોઈ સમસ્યા ન આવે તો સમજી**
**લેવું કે તમે ખોટા રસ્તે જઈ રહયા છો.**

## પ્રતિભાવ

પ્રતિ
શ્રી તમામ પદાધિકારીઓ અને ટ્રસ્ટીશ્રીઓ,
શ્રી સારસ્વતમ્ ટ્રસ્ટ,
પો.બો. નાં. ૦૭,
કાર્યાલયઃ જુની પોષ્ટ ઓફિસ રોડ,
ભીડ વાળા નાકા અંદર, માંડવી–કચ્છ
પીન કોડઃ ૩૭૦૪૬૫.

સાદર વંદન,

આપની સંસ્થા તરફથી સમયાંતરે પ્રસિધ્ધ થતા સંસ્થાના મુખપત્ર 'સંપર્ક ' ની તાજેતરની (જુલાઈ ૨૦૨૫ થી સપ્ટેમ્બર ૨૦૨૫) કૃતિ પ્રાપ્ત થયાનો અપાર આનંદ છે.

સંસ્થાની વિવિધ પ્રવૃતિઓનો અહેવાલ, સંસ્થાના સંચાલકોના અનુભવ, તેમજ સંસ્થાની પ્રવૃતિઓ પરત્વેની લગન અને સમપર્ણ ભાવ સ્પષ્ટ રીતે ઉજાગર કરે છે, જે અભિનંદનને પાત્ર છે.

સંસ્થા સમગ્ર કચ્છમાં પ્રાથમિક અને માધ્યમિક શાખાનું શિક્ષણ, વિદ્યાર્થીઓને પોતાના ગામ કે ગામ નજીક પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા ગોઠવીને બેસી રહેલ નથી, પરંતુ વિદ્યાર્થીઓ માટે શિક્ષણલક્ષી તેમજ ભાવિ જીવન માટે ઉપયોગી પ્રવૃતિઓ પરત્વે પણ ચીવટ પૂર્વક ધ્યાનઆકર્ષક કાર્યો કરેલ છે, તેવું ફલીત થાય છે.

જે ધન્યવાદને પાત્ર છે અને આ ' સંપર્ક 'ના સંપર્ક માં જે કોઈ આવે, તેને માટે પ્રેરણાપાત્ર છે, તેવું મારૂં સ્પષ્ટ તારણ છે.

સંસ્થા પ્રસિધ્ધીની મોહતાજ થયા વિના જે પ્રવૃતિઓ કરે છે, તે બદલ સંસ્થા અને તેની લોકભોગ્ય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ દરેકને ખુબ ખુબ અભિનંદન.

અસ્તુ

લી.
રામલાલ એમ. ઠકકર
એડવોકેટ, ભુજ – કચ્છ

## પ્રતિભાવ

આદરણીય, પ્રમુખશ્રી વિજયાલક્ષ્મીબેન શેઠ
વહીવટી અધિકારી, શ્રી મુલેશ દોશી

સંપર્ક પત્રિકા મળી ખૂબ - ખૂબ ધન્યવાદ સહ જણાવવાનું કે, આપની સંસ્થા કચ્છનાં ગ્રામ્ય વિસ્તારોમાં ઘણી હાઈસ્કૂલોનું સુલભ સંચાલન કરીને ઉચ્ચ પરિણામો લાવે છે તે બદલ સહૃદય અભિનંદન.

આચાર્યશ્રીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ રાખવામાં આવે છે ત્યારે છાત્રોની તથા શિક્ષકોની મહેનત કાબીલેદાદ છે. સંચાલક મંડળ તથા વાલીઓનો પણ ફાળો દેખાય છે આવા પરિણામોને કારણે તથા સહકારભર્યા અભિગમથી ટ્રસ્ટને બે કરોડ જેટલું દાન મળેલ છે જે સફળતા છે.

સારસ્તમ્ના વહીવટકર્તાઓને ખૂબ - ખૂબ અભિનંદન પાઠવી વિરમું છું.

રચના પી. જોષી
પ્રમખુ શ્રી
મુંદરા – બારોઇ – નગરપાલીકા

# નમ્ર અપીલ

**સારસ્વતમ સંચાલિત ગ્રામ્ય વિસ્તારની વીસ શાળાઓના આર્થિક નબળા વિધાર્થીઓ કે જેઓ કોમ્પ્યુટર ફી, વોકેશનલ ટ્રેનીંગ ફી કે અન્ય ખર્ચ જેવો કે બસ પાસ, સ્ટેશનરી, નોટબુક, સંદર્ભ પુસ્તકો, માટે ફી ભરી શકતા નથી તે માટે સંસ્થાએ "વિદ્યાર્થી દત્તક યોજના" શરૂ કરેલ છે.**

**વિદ્યાર્થી દીઠ માત્ર રૂા. ૨૫૦/- માસિક ખર્ચ થાય તેમ છે. દસ માસના ૨૫૦ x ૧૦ = ૨૫૦૦/- વિદ્યાર્થી દીઠ છે.**

**એ રીતે મુંદરા તાલુકાની ૧૦૨ આંગણવાડીઓમાં કુપોષિત – અતિ કુપોષિત બાળકો માટે વધારાના પોષણ આહાર માટે, એમની નિયમિત મેડીકલ તપાસ, દવા, વિ. ના ખર્ચ માટે પણ તમો સહાયભૂત થઇ શકો છો. એક લાભાર્થી દીઠ રૂા. ૧૫૦/- જેટલો માસિક ખર્ચ, દસ માસના રૂા. ૧૫૦ x ૧૦ = ૧૫૦૦/- ખર્ચ થાય.**

**સંસ્થાને આપવામાં આવતું દાન 80G હેઠળ કરમુકિતને પાત્ર છે. સંસ્થાનું UPI સ્કેનર પણ આપેલ છે. સહાયભૂત થઈને મોબાઈલ નંબર ૯૮૨૫૫ ૯૦૬૬૫ મુલેશ.કે દોશી ને જાણ કરવી અથવા મેસેજ કરવા વિનંતી છે.**

